**મહત્તમ : ૩૧.૮ ડીગ્રી**
**લઘુતમ : ૧૩.૦ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૬૮ ટકા ● સાંજે ૪૬ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# ગાંધીનગર સમાચાર

## અગોરા મોલ પાસે રાત્રે ગાડીનો કાચ તોડી લેપટોપની ઉઠાંતરી

વાહનોમાંથી કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતી ગેંગ ઘણા સમયથી નિષ્ક્રિય હતી. દરમિયાન હવે આ ગેંગ પુનઃસક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર નજીક અગોરા મોલ પાસે પાર્ક કરેલી અલ્ટો ગાડીને ગઈ રાત્રે ટાર્ગેટ બનાવી ગઠિયાઓએ અલ્ટોનો કાચ તોડી અંદરથી ડેલ કંપનીનું લેપટોપ ઉઠાવી લીધું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કાર માલિકની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી પોલીસે સીસીટીવી ફુટેજ તપાસવાની તજવીજ શરુ કરી છે.

**પાર્ક કરેલી અલ્ટો કારના કાચ તોડી ગઠીયા ડેલ કંપનીનું લેપટોપ ઉઠાવી ગયા : પોલીસ ફરિયાદ**

મળતી માહિતી મુજબ અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા અશોક બંગ્લોઝ ખાતે બંગલા નં.૧૦માં રહેલા સંજય ગોવિંદ શર્મા ગઈ કાલે મોડી સાંજે અગોરા મોલ પાસે આવ્યા હતા. મોલ પાસે તેમની જીજે.૧. એચ.વાય. ૩૯૮૨ નંબરની અલ્ટો ગાડી તેમણે પાર્ક કરી હતી. રાત્રે નવ વાગ્યાના અરસામાં તેમની આ ગાડીને ગઠિયાઓએ ટાર્ગેટ બનાવી હતી. અલ્ટોનો કાચ તોડી અંદર પડેલું ડેલ કંપનીનું રૂા. ૨૦ હજારની કિંમતનું લેપટોપ ઉઠાવી ગઠીયા ફરાર થઈ ગયા હતા. સંજય શર્મા રાત્રે ગાડી પાસે આવ્યા તો કાચ તુટેલો હતો અને અંદરથી લેપટોપ ગાયબ હતું. આ ઘટના અંગે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ કરાતા પોલીસે ગુનો દાખલ કરી જમાદાર અમરતભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.



દિવ્યાંગ રમતોત્સવ - દિવ્યાંગજનોનો રમતોત્સવ ગાંધીનગરના સ્પોર્ટસ કોમ્પલેક્ષ સાંઈ ખાતે યોજાયો હતો. ખેલકૂદની વિવિધ સ્પર્ધાઓમાં દિવ્યાંગ ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેલદીલીનું પ્રદર્શન કર્યું હતું....

## સેકટર-૨૧માં ધોળે દિવસે તસ્કરો ત્રાટક્યા

**ચાર કલાકમાં તસ્કરો મકાનની બારીની ગ્રીલ તોડી તિજોરીમાંથી દાગીના તથા રોકડ મળી રૂા. ૫.૮૧ લાખની મત્તા ચોરી ગયા**

ગાંધીનગર, તા.૪

શહેર તથા આસપાસના વિસ્તારોમાં થયેલી ઘરફોડ ચોરીઓ પોલીસ માટે પડકારરુપ બની રહી છે. ધોળે દિવસે ઘરફોડ ચોરીઓ કરતા તસ્કરો પોલીસનું નામ કાપી રહ્યા છે. તો બીજી તરફ પોલીસના તમામ એક્શન પ્લાન પણ કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. સેકટર-૨૧માં ચ-ટાઈપના સરકારી આવાસમાં કાલે બપોપરે ચાર કલાકના સમયગાળામાં તસ્કરો રૂા. ૫.૮૧ લાખની મત્તાનો હાથફેરો કરી ગયા હતા. સેકટર-૨૧ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેકટર-૨૧ ચ-ટાઈપ બ્લોક નં. ૧૧૮/૧ ખાતે રહેતા હરિવિલાસભાઈ રાધાકિષ્ના શર્મા અરણ્ય ભવન ખાતે નોકરી કરે છે. તેમના પત્ની શાળામાં નોકરી કરે છે. ગઈ કાલે સવારે ૭ વાગ્યે હરિવિલાસભાઈનાં પત્ની શાળાએ નોકરી માટે ગયા અને ૧૦ વાગ્યે મકાનને તાળું મારીને હરિવિલાસભાઈ અરણ્ય ભવન નોકરી માટે ગયા હતા. બપોરે સવા બે વાગ્યે હરિવિલાસભાઈના પત્ની નોકરી પતાવીને ઘરે આવ્યા અને તાળુ ખોલીને અંદર ઘરમાં પ્રવેશ્યા તો સામાન વેરવિખેર પડેલો હતો. બેડરૂમની બારીના સળીયા તોડીને તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂા.૫ હજાર મળીને કુલ રૂા. ૫, ૮૧, ૨૫૦નો મુદ્દામાલ ઉઠાવી તસ્કર ટોળકી બારીમાંથી જ રફુચક્કર થઈ ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.

આ ઘટના અંગે હરિવિલાસભાઈની ફરિયાદના આધારે સેકટર-૨૧ પી.આઈ. મિનાક્ષીબેન પટેલે ગુનો નોંધી ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ગત માસ દરમ્યાન શહેરની વિવિધ જગ્યાઓએ અનેક વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત કાર્યરત રહીને આ ક્લબ દ્વારા રોટરી ક્લબના સેવાના ઉદ્દેશ્યને સાચા અર્થમાં ચરિતાર્થ કરેલ છે. આ અંતર્ગત રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા તા. ૨૧-૦૧-૨૦૧૮, રવિવારના રોજ પગરવ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ તેમજ સિનિયર સિટીઝન કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવેલ. સવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન પગરવ હોસ્પિટલ, સેક્ટર-૨૩ ખાતે યોજાયેલ આ સર્વ રોગ નિદાન - સારવાર કેમ્પનો લાભ મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લીધો હતો. પાટનગરના રહેવાસીઓ માટે એક જ સ્થળે વિવિધ ક્ષેત્રોના નામાંકિત તેમજ અનુભવી ડોક્ટરોનો લાભ મળવો ખૂબ જ લાભદાયી નિવડેલ. આ કેમ્પમાં રોટરી ક્લબ ઓફ કેપિટલના પદાધિકારીઓ, પગરવ હોસ્પિટલના ટ્રસ્ટીગણ, ડોક્ટરો, સ્ટાફ સહિત સિનિયર સિટીઝન કાઉન્સીલના પદાધિકારીઓ સહિત ફિઝીશયન, ગાયનેક, સર્જન, બાળરોગ નિષ્ણાંત, નેત્ર રોગ નિષ્ણાંત, દંત ચિકિત્સક, ચામડીના રોગોના નિષ્ણાંત, ઈ એન્ડ ટી, ઓર્થોપેડીક, હોમિયોપેથીકના નિષ્ણાંત સહિત અનેક લોકોનો સહયોગ સાંપડ્યો હતો. આ ઉપરાંત રોટરી ક્લબ ઓફ કેપિટલ તેમજ વૈદિક પરિવારના સહયોગથી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સે. ૩૦ ખાતે ''માઈન્ડ પાવર અને પર્સનાલીટી ડેવલપમેન્ટ''નો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાના બાળકોને મૂંઝવતા અનેક પ્રશ્નોનું નિરાકરણ પ્રાપ્ત થયેલ. બાળકોએ પોતાના પ્રતિભાવ આપતાં જણાવેલ કે ''માઈન્ડ પાવર અને પર્સનાલીટી ડેવલપમેન્ટ''ના કાર્યક્રમ થકી તેઓને ભણતર સહિત સમગ્ર દિનચર્યામાં ખૂબ જ મદદ મળી રહે છે અને શાળામાં આવા કાર્યક્રમો અવાર-નવાર યોજાય તેમ પણ જણાવેલ. સેવાના કાર્યોને મૂળમંત્ર બનાવનાર રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા શિયાળાની ઠંડીમાં જરૂરીયાત મંદ લોકોને ગરમ વસ્ત્રો વિતરણ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું. આ અંતર્ગત સ્વેટર, ટોપી, ધાબળા સહિત અનેક ગરમ વસ્ત્રોનું મોટી સંખ્યામાં વિતરણ કરવામાં આવ્યું હતું જેનો લાભ જરૂરીયાતમંદ લોકોએ મોટી સંખ્યાં લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ વસ્ત્રો તેમજ ધાબળા જૂના નહીં પરંતુ નવા જ ખરીદીને વિતરણ કરવામાં આવતા હોય છે. આ કાર્યક્રમમાં વૈદિક પરિવારનો સહયોગ પણ ઉલ્લેખનીય રહ્યો હતો.






## લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા વીરદાદા જશરાજ શહીદ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની યુવાનો માટે સતત કાર્યરત જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ લોહરગઢના છેલ્લા મહારાણા રઘુવંશી ગૌરવ તેમજ ગૌરક્ષક પૂ. વીરદાદા જશરાજની પુણ્યતિથી નિમિત્તે ગૌસેવા તેમજ સુંદરકાંડના પાઠ તેમજ પૂ. વીરદાદા જશરાજને શ્રધ્ધાજંલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગૌરક્ષક પૂ. વીરદાદા જશરાજે ગાયોના રક્ષણ અર્થે પોતાના દેહનું બલિદાન આપ્યું હતું જેથી તેઓને સાચી શ્રધ્ધાજંલીના ભાગરૂપે ગાંધીનગરની ગાયોને ઘાસ ખવડાવીને ગૌસેવા કરવામાં આવી હતી. ગાંધીનગરના વાવોલ, સેક્ટર-૩, સેક્ટર-૪, સેક્ટર-૬ સહિત અનેક જગ્યાએ ગાયોને યોગ્ય માત્રામાં ઘાસ ખવડાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સાંજના સમયે શ્રી જલારામ મંદિર ખાતે શ્રી અવિનભાઈ ઠક્કરના સુંદરકાંડના પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય અને પૂ. વીરદાદા જશરાજની શહાદત નિમિત્તે બે મિનીટનું મૌન પાળીને સુંદરકાંડના પાઠનું સુંદર આયોજન થયેલ જેમાં લોહાણા યુવા સંગઠન, શ્રી જલારામ સેવા સમાજ, જલારામ મહિલા મંડળ સહિત અનેક ભાવિકભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

- બસો બ્યાસી નવપરગણા ગુરુ બ્રાહ્મણ સમાજનો ૧૬મો સમુહ લગ્નોત્સવ સવારે ૮ કલાકે સેકટર-૬ ડી, મેદાન, પેટ્રોલ પંપની બાજુમાં યોજાશે.
- નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા તા. ૫ થી ૬ ફેબ્રુઆરી સુધી નિઃશુલ્ક યોગ અને નેચરોપેથી શિબિર સ્વકર્મ ટ્રસ્ટ સેકટર-૨૨ ખાતે યોજાશે.
- માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૪સી, પ્લોટ નં. ૬૫૦/૧, ગોગા બાપા મંદિર સામે બપોરે ૨.૩૦ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## ગાંધીનગર ખડાયતા સમાજનો ઈનામોત્સવ ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા.૪

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત, ગાંધીનગર દ્વારા રવિવારના રોજ આંબેડકર હૉલ, સે-૧૨ મુકામે ઈનામોત્સવ-૨૦૧૭, વરિષ્ઠભાઈઓ-બહેનોને સન્માન, તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકો તેમજ વડીલ ભાઈઓ-બહેનોનું સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે રાખવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિના ૨૫૦થી વધુ વડિલોએ ભાગ લીધો હતો.

ઈનામોત્સવ-૨૦૧૭માં કે.જી તથા ધોરણ-૧ થી ૧૨ અને ડિગ્રી પ્રાપ્ત કરનાર સમાજના પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર તમામ બાળકોને તથા તે સિવાયના ૭૦ ટકાથી વધુ માર્ક મેળવનારની માર્કશીટ મળી હતી તેવા તમામ બાળકોનો પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીત, સંગીત, એકપાત્રીય અભિનય તથા જુદી જુદી રમતો રમાડીને છેલ્લે સૌને હાઉસી રમાડવામાં આવી હતી. તથા તેમાં જીતરનારને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સહયોગ મંડળ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૪

સહયોગ મંડળ, ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નજરલ યુનિવર્સિટી ઑફ ગુજરાત એન.એસ.એસ. પ્રોગ્રામ સહિત સેકટર-૩૦ ખાતે આવેલ એન્જીનીયરીંગ કૉલેજ, સેકટર-૩૦ ખાતે સંયુક્ત ઉપક્રમે તા. ૩૧-૧-૨૦૧૮ને બુધવારના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ૪૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. જેમાં ૧૦ બહેનો અને ૩૦ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ રક્તદાન કરી, 'રક્તદાન મહાદાન' સૂત્રને સાર્થક કર્યુ હતું. રક્તદાનની સફળતામાં જનરલ યુનિવર્સિટી ઑફ ગુજરાતનાં અધિકારી, કર્મચારીઓને અમૂલ્ય ફાળો રહ્યો હતો.

સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, બેચરભાઈ પ્રજાપતિ, દશરથલાલ એમ. પરમાર, જનરલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, એન.એસ.એસ.ના સુકેતુ મહેતાનાં આયોજન અને સંકલનમાં સંપૂર્ણ સંહયોગ પ્રાપ્ત થયો હતો. તેમજ સંસ્થાના રતિલાલ સુથાર, ખરાડીભાઈ, કિરીટસિંહ ગોહિલ, ડી.જી. રાજપૂત, ઉલ્લાસ, દિનેશભાઈ પટેલની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. તેમજ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરનાં ડૉકટરોનાં માર્ગદર્શન હેઠળ રક્ત એકત્રીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ઉપરાંત અન્ય સ્ટાફ મેમ્બર્સનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ચિરવિદાય

- સ્વ. અશોકભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૩૯
- સ્વ.શારદાબેન ભગવાનજી કારીયા, ઉ.વ.૮૩
- સ્વ.અમૃતાબેન સોમનાથસિંહ જાડેજા, ઉ.વ.૬૦
- સ્વ. મંગુબેન રવિશંકર રાવલ, ઉ.વ. ૭૭

## શટલિયા વાહનચાલકોની જોખમી જોહુકમી સામે મુસાફરોએ જ અવાજ ઉઠાવવો અનિવાર્ય




ગાંધીનગર, તા.૪

આજના યુગમાં ઝડપથી વધી રહેલા વેપાર-ધંધા-વ્યવસાય-નોકરીના વિકેન્દ્રીકરણને કારણે હવે મોટાભાગના નાગરિકોને પેટીયું રળવા દરરોજ થોડા-ઘણા અંતરની મુસાફરી કરવી અનિવાર્ય બનતી જાય છે. આ કારણે દિન-પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થતો જાય છે. જેમ ઓછા અંતરની મુસાફરી હોય તેમ પોતાના વાહનનો ઉપયોગ વધુ કરાય છે પરંતુ જેમ લાંબી મુસાફરી હોય તેમ પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમનો ઉપયોગ વધુ થાય છે. આ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં સરકારી વાહનવ્યવહાર જેવા કે બસ, રેલ્વે વગેરેનો ઉપયોગ વધુ થાય છે પરંતુ પ્રજાને કિફાયતી અને પૂરતા પ્રમાણમાં વાહનવ્યવહાર સેવા પૂરી પાડવામાં નિષ્ફળ નીવડેલી સરકારી વ્યવસ્થાને કારણે પ્રજાને ના છુટકે ખાનગી શટલિયા વાહનોનો ઉપયોગ કરવો પડે છે. મોટાભાગના ખાનગી શટલિયા વાહનોમાં મુસાફરો તેમના જીવ પડીકે બાંધી રોલર કોસ્ટર રાઈડની જેમ જોખમી મુસાફરી કરતા હોય છે. લાચાર મુસાફરોના જીવ સાથે રમત કરતા આ વાહનચાલકોની અત્યંત જોખમી બેદરકારી પ્રત્યે સરકારી તંત્ર દ્વારા વર્ષના ''અમુક'' દિવસો સિવાય સતત ''આંખ આડા કાન'' કરી હપ્તાખોરી કરે રાખી નાગરિકોને કિસ્મતના સહારે છોડી દેવામાં આવે છે જ્યારે બીજી તરફ એક યા બીજા કારણોસર મુસાફરો પણ આ વાહનચાલકોની બેદરકારીઓ સામે બોલવાનું ટાળી પોતાના પગ પર જ કુહાડો માર્યા કરે છે.



રાજ્યના માત્ર નેશનલ કે સ્ટેટ હાઈવે જ નહિ પરંતુ નાના-મોટા તમામ માર્ગો પર વાહનોનો ટ્રાફિક દિન પ્રતિદિન વધતો જાય છે. આ વાહનોમાં ખાનગી વાહનો, લોડીંગ વાહનો, સરકારી એસટી બસો, લાંબા અંતરની ખાનગી બસો ઉપરાંત સૌથી વધુ જોખમી રીતે દોડતા શટલિયા વાહનોનો સમાવેશ થાય છે જેમાં જીપ કે વાન પ્રકારના વાહનોનો સૌથી વધુ ઉપયોગ થાય છે. શટલકલોકની જેમ નિશ્ચિત બે સ્થળો વચ્ચે સતત આવન-જાવન કરતા હોવાથી આ વાહનો શટલિયા વાહનો તરીકે ઓળખાય છે. મોટાભાગના આ વાહનોમાં નિયમિત અપ-ડાઉન કરતા મુસાફરો ઉપરાંત કોઈને કોઈ કારણસર મુસાફરી કરતા મુસાફરોનો સમાવેશ થાય છે. શટલિયા વાહનોનો ઉપયોગ કરતા દરેક મુસાફરોને ખબર હોય છે કે તેમણે જોખમી મુસાફરી જ કરવાની છે અને આમ છતાં નોકરી-વ્યવસાયની મજબૂરી કે દવાખાના કે અન્ય જે કામ માટે જઈ રહ્યા હોય તેનો સમય સાચવવાની લાચારીના કારણોસર આ વાહનોના ચાલકોની અત્યંત ગંભીર બેદરકારીઓં મૂંગા મોઢે સહન કરાવી પડે છે. જોકે મુસાફરોની આ લાચારીનો દુરુપયોગ અટકાવવાની જેની ફરજ છે તેવા ટ્રાફિક પોલીસ કે આરટીઓ જેવા સરકારી તંત્રની નિષ્ક્રિયતા આ વાહનચાલકોની દોષિત બેદરકારીને ઉત્તેજન આપે છે જેના કારણે અનેકવાર ગંભીર અકસ્માતો સર્જાય છે અને પેલી શોલે ફિલ્મમાં હારબંધ લાશો પાથરેલી દર્શાવી હતી તેવા દ્રશ્યો હકીકતમાં પણ જોવા પડે છે. આમ તો નિયમિત અપડાઉન કરતા મુસાફરો માટે એસટી બસના પાસની સીસ્ટમ શરુ કરવામાં આવી છે પરંતુ એસટી બસોની અનિયમિતતા કે અપૂરતી સંખ્યા તેમજ વારંવાર અધવચ્ચે ખોટકાવાની આદતને કારણે આ મુસાફરોને પણ વધુ પૈસા ખર્ચવા સાથે વધુ જોખમ લઈને ખાનગી શટલિયા વાહનોમાં મુસાફરી કરવાની ફરજ પડે છે. આ શટલિયા વાહનોના મોટા ભાગના ડ્રાઈવરો સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં ભારે ઉદાસીન હોવાને કારણે મુસાફરોની જિંદગી દાવ પર લાગે છે. શટલિયા વાહનચાલકો સામે સૌથી પહેલી બેદરકારી વાહનમાં તેની કેપેસીટી કરતા વધુ ખીચોખીચ પેસેન્જર ભરવાથી શરુ થાય છે. જે વાહનમાં માંડ સાત મુસાફરોની પરવાનગી હોય તેમાં સત્તર મુસાફરોને બેસાડવા એ આ ચાલકોની સૌથી મોટી આવડત ગણાય છે. વધુ રોકડી કરી લેવા મુસાફરોને સમજાવી પટાવી ટૂંકા અંતરના પણ મુસાફરો સમાવી વાહનનો ગીયર પણ શોધવો પડે તે રીતે આગળની સીટ પર પેસેન્જરને બેસાડ્યા પછી પોતે આડા-તેડા બેસીને વાહન હંકારવું તે કળા તો આપના દેશમાં જ વિકાસ પામી હોય તેવું લાગે છે. વળી, આટલા મુસાફરો બેસાડ્યા પછી તે જ પરિસ્થિતિમાં બેફામ ગતિએ વાહન હંકારવું અને ચાલુ વાહને સતત મોબાઈલનો ઉપયોગ કરવો તે દ્રશ્ય અંદર બેઠેલા મુસાફરોને ઈશ્વરને પ્રાર્થના કરતા કરી દેવા માટે પુરતું હોય છે. આટલું અધૂરું હોય તેમ આ જ સ્થિતિમાં ટર્નિંગ લેવા, રોંગ સાઈડ ડ્રાઈવ કરવું કે જોખમી ઓવરટેક કરવા, સામેના છેડાના સ્ટેશને પોતાનો નંબર પાછળ ના રહી જાય તે માટે બેફામ ગતિએ ડ્રાઈવ કરવું કે પોતાના જેવા અન્ય વાહનચાલક સાથે રેસ લગાડવી જેવા જોખમો તો વારંવાર ખેડવામાં આવે છે. આ સાથે માગ પર અન્ય વાહનો વચ્ચે ખુબજ ઓછું અંતર રાખી ઓવરકોન્ફીડંસ દર્શાવતા વાહનચાલકોને પલકવારમાં તેમની આ ભૂલની સજા ગંભીર અકસ્માત સાથે ચૂકવવી પડતી હોય છે.



ટૂંકા અંતરના ખાનગી પેસેન્જર વાહનોમાં અન્ય સૌથી વધુ બેદરકારી જોવા મળતી હોય તો તે છે તેના ચાલકો દ્વારા વાહનમાં સતત મોટા અવાજે ઘોંઘાટભર્યું મ્યુઝીક વગાડવું અને પાન-મસાલા વગેરે ખાઈને ચાલુ વાહને થૂંકવા નમવું. સતત ઘોંઘાટભર્યા માહોલમાં રોડ પરના અન્ય વાહનનો અવાજ સંભાળવો મુશ્કેલ બને છે. ચાલુ વાહને પાન-મસલા ખાઈને થૂંકવા નમતો ચાલક પોતાની સાથે વાહનમાં બેઠેલા તમામની જિંદગી દાવ પર લગાડી દેતો હોય છે. એક તો આ વાહનોની નિયમિત સર્વિસ કે મરામત થવા બાબતે જ પ્રશ્નાર્થ હોય છે, મોટા ભાગના આ પ્રકારના વાહનોના દરવાજાના લોક વારંવાર ખોલ-બંધ કરવાને લીધે ખરાબ થયી ગયા હોય અને દરવાજા દોરીથી કે તારથી બાંધવા પડે તેવી હાલતમાં જ જોવા મળતા હોય છે, ક્યાં તો તેને બહારથી જ ખોલી શકાય તેવા બની ગયા હોય છે. આ પરિસ્થિતિમાં ખીચોખીચ ભરેલા વાહનમાં દરવાજાને અડીને બેઠેલા મુસાફરોની જિંદગી પેલી દોરી કે તાર પાસે જાણે ગીરવે મુકેલી હોય છે. વાહનની વીમા પોલીસીના ઠેકાણા પણ ના હોય ત્યાં આ વાહનોમાં ફર્સ્ટ એઈડ કીટ કે ફાયર સેફટી માટે વ્યવસ્થાની તો શી રીતે અપેક્ષા રાખવી? તમામ પ્રકારના રોડ શટલિયા વાહનચાલકોને તો જાણે ''ફોર્મુલા વન રેસના રેસિંગ ટ્રેક'' જેવા જ લાગતા હોય છે તેથી હાઈવે હોય કે ગામડાનો સાંકડો માર્ગ પણ તેમની સ્પીડ પર તેની કોઈ જ અસર થતી નથી. રેલ્વે ફાટક બંધ હોય તો તેની ખુબ નજીક જઈ વાહન થોભાવવું, રસ્તામાં ટ્રાફિક જામ હોય કે રસ્તો બધ હોય તો ખતરનાક શોર્ટકટ અપનાવવા અને પોતે જે રૂટ પર જઈ રહ્યા હોય તે રૂટની બસ જો તે જ સમયે પસાર થઈ રહી હોય તો સતત પોતાનું વાહન બસની આગળ જ રાખી બસની રાહ જોઈને ઉભેલા પેસેન્જર પોતાના વાહનમાં લઈ લેવા જોખમી સાહસો કરવા જેવી બાબતો આ વાહન ચાલકો માટે તો રોજીંદી ક્રિયાઓ જેવી થઈ ગયી હોય છે. વળી, આટલી બધી બેદરકારીઓ સાથે કેટલાક વાહન ચાલકો દારુ કે અન્ય કેફી પદાર્થોનો નશો કરીને વાહન હંકારતા હોય ત્યારે પોલીસ કે આરટીઓ તંત્ર પેસેન્જરની જિંદગી કરતા પોતાના હપ્તાની ચિંતા જ કરે તો તેને પણ શટલિયા વાહનોના અકસ્માત માટે કેમ જવાબદાર ના ગણવા જોઈએ.

શટલિયા વાહનચાલકો જેની લાચારીનો લાભ ઉઠાવી ભાડા ખંખેરતા હોય છે તેવા તેમના મુસાફરો સાથે તો પાછા હંમેશા ઉદ્ધતાઈથી જ વાત કરતા હોય છે. ચાલુ વાહને સતત મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા કે જોખમી સ્પીડે વાહન ના હંકારવા જયારે કોઈ મુસાફર ભૂલથી પણ ટોકે તો તેને રસ્તામાં ઉતારી દેવાની ખુલ્લેઆમ ધમકી આપતા અચકાતા જ નથી. જોકે આ બાબતે કેટલાક નિયમિત મુસાફરો સામે તેમની દાદાગીર નબળી પડી શકે પરંતુ આવા મુસાફરોને તો તેમને બેસવા પસંદગીની જગ્યા આપવી, તેમનો સમય કે તેમને બેસવા–ઉતારવાનું નિશ્ચિત સ્થળ સાચવી લઈ તેમના વિરોધનો સુર નબળો પાડી દેવાય છે. જોકે આ શટલિયા વાહનચાલકોની જો કોઈ સાન ઠેકાણે લાવી શકે તેમ હોય તો તે માત્ર મુસાફરો પોતે જ છે. ચાલુ વાહને મોબાઈલ વાપરતા કે બેફામ ગતિએ વાહન હંકારતા ચાલકોને વિના સંકોચે ટોકો, ના માને તો રસ્તામાં વાહન થોભાવી ઉતરી જાવ કે પછી ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરો. આખરે તમે ભાડું ચૂકવો છો તો તમારી સલામતી માંગવાનો તમને પુરેપુરો હક્ક છે. તમારી એકવારની હિમંત અનેકના જીવ બચાવવા સાથે બીજીવાર બીજાને પણ અવાજ ઉઠાવવા પ્રેરિત કરશે. બાકી જો પોતાની લાચારીના કારણે કે તંત્રના ભરોસે ચુપ રહ્યાં તો થનાર અકસ્માતમાં તમારી પણ જવાબદારી લેખાશે.

**સુરક્ષાના નિયમો સદંતર નેવે મુકીને વાહનો દોડાવતા શટલિયા વાહનોના ડ્રાઈવરો : વર્ષના ''અમુક'' દિવસો સિવાય સતત તંત્રની ઈરાદાપૂર્વક ''આંખ આડા કાન'' કરવાની નીતિ પાછળ હપ્તાખોરીની બૂ : પ્રજાને કિફાયતી અને પૂરતા પ્રમાણમાં વાહનવ્યવહાર સેવા પૂરી પાડવામાં સરકારી વ્યવસ્થાની નિષ્ફળતા પણ જવાબદાર**

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com